અન્ય પછાત વર્ગો માટેનું પંચની કચેરીના મહેકમની મુદત લંબાવવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ SJED/CFO/e-file/17/2022/0002/A Section

સચિવાલય,ગાંધીનગર.

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૩/૧૨/૨૦૨૫નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનુ પંચનો તા.૦૫/૧૦/૨૦૨૬નો પત્ર ક્રમાંકઃઅપવ/પંચ/મકમ/૨૦૨૬/૫૧૦/A.

ઠરાવઃ-

વંચાણે લીધેલ ક્રમાંકઃ(૧) માં દર્શાવેલ વિભાગના તા.૧૩/૧૨/૨૦૨૫ ના ઠરાવથી અન્ય પછાત વર્ગો માટેનું પંચની કચેરીના મહેકમની જગ્યાઓ તા.૨૮/૦૨/૨૦૨૭ સુધી ચાલુ રાખવા માટેની મંજૂરી આપવામાં આવેલ છે.

અન્ય પછાત વર્ગો માટેનું પંચના વંચાણે લીધેલ ક્રમાંકઃ(૨) ના તા.૦૫/૧૦/૨૦૨૬ના પત્રથી પંચ ખાતેની જગ્યાઓ તા.૨૯/૦૨/૨૦૨૮ સુધી ચાલુ રાખવા દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગર ખાતેની નીચેના કોષ્ટકમાં દર્શાવેલ જગ્યાઓની મુદ્દત નિમ્નલિખિત શરતોને આધીન તા.૨૯/૦૨/૨૦૨૮ સુધી લંબાવવામાં આવે છે.

અનુ.	જગ્યાનું નામ	સંખ્યા
૧	સચિવશ્રી	૧(એક)
૨	પંચના અંગત સચિવશ્રી(અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૧)	૧(એક)
૩	કચેરી અધીક્ષક વર્ગ-૩	૧(એક)
૪	નાયબ સેક્શન અધિકારી	૧(એક)
૫	મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી	૧(એક)
૬	સચિવશ્રીના અંગત સચિવ(ગુ.સ્ટે.-૨)	૧(એક)
૭	સંશોધન મદદનીશ	૨(બે)
૮	આંકડા મદદનીશ	૬(છ)
૯	કારકુન	૨(બે)
૧૦	ક્લાર્ક-કમ-ટાઇપીસ્ટ	૧(એક)
૧૧	ડ્રાઈવર	૧(એક)
	કૂલ:-	૧૮(અઢાર)

શરતોઃ-

(૧) આ જગ્યા અંગેનું ખર્ચ વર્ષ ૨૦૨૭-૨૮ ના અંદાજપત્રમાં આ હેતુ માટેની ગ્રાન્ટમાંથી મેળવવાનું રહેશે, તેમજ નિયત થયેલ સદરે ઉધારવાનું રહેશે.

(૨) આ જગ્યાઓ જે હેતુ માટે ઉભી કરેલ છે તે હેતુ માટે જ ચાલુ રાખવાની રહેશે.

(૩) ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી પરંતુ પાંચ વર્ષ કરતાં ઓછા સમયથી ખાલી હોય તેવી જગ્યાઓને એબેયન્સમાં મુકવાની રહેશે.

(૪) એબેયન્સમાં મુકવામાં આવેલ જગ્યાઓને ભરતાં પહેલાં નાણા વિભાગ (કરકસર પ્રભાગ)નો પરામાર્શ કરવાનો રહેશે.

(૫) પાંચ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી હોય તેવી જગ્યાને રદ કરવાની રહેશે.

(૬) આ હંગામી જગ્યાઓની મુદત પુરી થવાના ચાર માસ પહેલાં જગ્યાઓ ચાલુ રાખવાની દરખાસ્ત જગ્યાની વિગત(સંવર્ગ, કચેરી, સ્થળ, કેવી રીતે ભરાયેલ છે, હાલ ખાલી/ભરાયેલ છે) સાથે કરવાની રહેશે.

(૭) જે જગ્યા પર વયનિવૃતિ બાદ કરાર આધારિત નિમણૂક આપવામાં આવેલ છે તે નિમણૂક અંગે સરકારશ્રીની વખતોવખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સક્ષમ કક્ષાએથી તા.૨૬/૧૦/૨૦૨૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

e-Sd/-

(સમીર ગરાસિયા)

સેકશન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં-૧૩/અ અને ૧૪, ખ ટાઈપ, સેકટર-૧૯,ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું,બ્લોક નંબર:-૪/૩ ડો. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
- શાખા સિલેકટ ફાઇલ-૨૦૨૬

Signature Not Verified

Signed by:Samir Garasia
Section Officer
Date:2026.10.30
10:33:43 +5:30